## વડીલોને વંદન અભિનંદન

શાંતાબેન રમણલાલ શ્રીમાળી
(૧૯૪૬) મો.૭૮૭૯૪૫૬૫૧૭

પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ આયોજીત કોંગ્રેસ કાર્યકર સંમેલનને સાબરકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ સંબોધ્યું હતું. જેમાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, અશ્વીન કોટવાલ, અનિલ જોષીયારા સહિત અસંખ્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.
(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# પાલનપુર-અમદાવાદ હાઈવે પર હોટલ રામદેવ પાસે અકસ્માત : ૧નું મોત

### પાલનપુરના બાઈક સવાર ૩ મુસ્લિમ યુવકોને છાપી જતા નડયો અકસ્માત

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૨૭

પાલનપુર-અમદાવાદ હાઈવે પર રામદેવ હોટલ સામે બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું. જયારે અન્ય બે બાઈક સવારોને ગંભીર ઈજા પહોંચી હતી.

પાલનપુરથી બાઈક પર સવાર ત્રણ મુસ્લિમ યુવાનોને રામદેવ હોટલ સામે અકસ્માત નડયો હતો. જેમાં બાઈક નં. જી.જે. ૮.કયુ. ૬૧૨૫ અને ઈંટો ભરીને આવતા ટ્રક વચ્ચે થયેલા અકસ્માતમાં પાલનપુરના સુખબાગ રોડ પર રહેતા ૨૦ વર્ષીય ફરાજ સઈદભાઈ અબ્બાસી નામના બાઈકચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું.

જયારે બાઈક પર સવાર પાલનપુરના જ અન્ય બે યુવાનો ૧૮ વર્ષીય શાહીલ અમીરખાન મકરાણી રહે. મહમંદી સોસાયટી અને વીસ વર્ષીય રાજા રહે. સુખબાગરોડવાળાને ગંભીર ઈજા થતા તેઓને તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા મુસ્લિમ સમુદાયના ટોળે ટોળાં ઘટના સ્થળે ઉમટી પડયા હતા.

## પ્રાંતિજમાં બે ગઠિયાઓ સાત તેલના ડબા લઈ ફરાર : દુકાનદારને ૫૫૦૦નો ચૂનો

### ગઠિયાઓ સ્વીફટ ડિઝાયર કાર લઈને આવ્યા હતા

પ્રાંતિજ, તા.૨૭

પ્રાંતિજ એપ્રોચ રોડ પર કરિયાણાની દુકાન ચલાવતા દુકાનદારને બે ગઠિયાઓ રૂ. ૫૫૦૦નો ચૂનો લગાવી રફુ ચકકર થઈ જવાની ઘટના બનવા પામી છે.

આજકાલ રૂપિયા કમાવવા શોર્ટ કટ શોધતા ગઠિયાઓ ડગલેને પગલે લોકોને ચૂનો લગાવી રહ્યા છે ત્યારે પ્રાંતિજ એપ્રોચ રોડ પર નિર્માણ શોપીંગમાં ઉમંગ ટ્રેડર્સના દુકાનદારને ગઠિયાઓ છેતરી સાત તેલના ડબા લઈ છૂમંતર થઈ ગયા છે.

તેલ ખરીદવા આવેલા બે ગઠિયાઓએ દુકાનદાર પાસે આવીને સાત તેલના ડબા ખરીદ્યા હતા. જેમાં એક ગઠિયાએ દુકાનદારને રૂ. ૧૭૦૦ આપ્યા બાદ બીજા રૂપિયા ગાડીમાંથી લઈ આવું તેમ કહેતા તેલના ડબા લઈ ગાડીમાં મુકયા હતા.

પાંચ મિનિટ જેટલો સમય થવા છતાં બંને ગઠિયાઓ પરત ન આવતા વેપારીએ ગઠિયાએ આપેલા મોબાઈલ નંબર લગાવતા સ્વીચ ઓફ આવ્યો હતો. વેપારીએ આજુબાજુ વિસ્તારમાં શોધખોળ કરતા કોઈ દેખાવા પામ્યું નહતું ત્યારે વેપારીને ખ્યાલ આવી ગયો કે આપણને ગઠિયાઓ ચૂનો લગાવી ગયા છે. જો કે આ ઘટનામાં પોલીસ ફરિયાદ થવા પામી નથી.

# તાલુકા સરકાર અંતર્ગત ઉભી કરાયેલ નાયબ મામલતદારોની જગ્યાની મુદત વધારાઈ

ગાંધીનગર, તા.૨૭

રાજયમાં તાલુકા સરકારના અભિગમ અંતર્ગત ઉભી કરવામાં આવેલ નાયબ મામલતદારોની જગાની મુદત તા. ૨૮-૨-૨૦૧૫ સુધી લંબાવવામાં આવી છે.

રાજયના ૧૩ જિલ્લાઓના ૧૪૪ તાલુકાઓમાં તાલુકા દીઠ નાયબ મામલતદારોની બે નવી જગ્યાઓ લેખે કુલ ૨૮૮ નાયબ મામલતદારોની જગાઓ ઉભી કરવામાં આવેલ હતી. મહેસૂલ વિભાગે વર્ષ ૨૦૧૨માં એક પરિપત્ર દ્વારા આ જગાઓની મુદત ૨૮-૨-૧૩ સુધી અને ત્યારબાદ ૨૫-૩-૧૩ના પરિપત્રથી ૨૮-૨-૨૦૧૪ સુધી લંબાવવામાં આવી હતી.

આ જગાઓની મુદત આ મહીનાના અંતમાં પૂરી થતી હોઈ પુનઃ આ જગાઓની મુદત વધારવા માટે રાજય સરકારે નિર્ણય કર્યો છે અને આગામી ૨૮-૨-૨૦૧૫ સુધી નાયબ મામલતદારની આ જગાઓની મુદત લંબાવવામાં આવી છે. રાજય સરકારે તાલુકા સરકારનો અભિગમ રાજયમાં અપનાવ્યો છે જેને સફળ બનાવવા માટે આ અભિગમ અંતર્ગત ૨૮૮ નાયબ મામલતદારની જગ્યાઓ ઉભી કરવામાં આવી છે.

આ ઉપરાંત રાજયમાં જમીન દફતર કોમ્પ્યુટરાઈઝેશન માટે ઈ ધરા સેલની કામગીરી માટે રાજયના મહેસૂલ વિભાગ દ્વારા મહેકમ મંજુર કરવામાં આવેલ. આ મંજુર કરેલ મહેકમની પણ મુદત પુરી થતી હોઈ તેની મુદત ૨૦૧૫ સુધી લંબાવવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.

ઇ-ધરા સેલની કામગીરી માટે રાજય સરકારે ૨૨૫ નાયબ મામલદારો ૪૫૦ ડેટા એન્ટ્રી ઓપરેટરો ૨૨૫ કેસ વર્કર કમ કલાર્ક અને ૨૨૫ પટાવાળાઓનું મહેકમ મંજુર કરવામાં આવેલ છે. એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગાઓ એબેયન્સમાં મુકવામાં આવે છે આ જગાઓને એબેયન્સમાંથી મુકત કરીને ભરવા મંજુરી મેળવવા માટે મહેસુલ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે.

# અમદાવાદમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ પ્રદર્શન શરૂ કરાયું

અમદાવાદ, તા. ૨૭

ભારતીય ચૂંટણી પંચ તથા કેન્દ્ર સરકારના સંયુકત ઉપકમે તા. ૨૭ થી ૨૯ માર્ચ દરમ્યાન મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત એક પ્રદર્શન યોજવામાં આવ્યું છે. આ પ્રદર્શન અમદાવાદના સુભાષબ્રિજ સર્કલ પાસે આવેલ જિલ્લા સેવાસદનમાં મતદાર સુવિધા કેન્દ્ર ખાતે યોજવામાં આવેલ છે. ૨૦૧૪ની લોકસભાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે મતદાતાઓમાં જાગૃતિ ફેલાવવા આ પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

મતદાર જાગૃતિ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતિ અનિતા કરવાલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી રૂપવંતસિંહ તેમજ ડેપ્યુટી કલેક્ટર (ઈલેકશન) એન.વી. ઉપાધ્યાય સહિત અન્ય અધિકારીઓ

પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શનનો ઉદ્દેશ નાગરિકોમાં મતદાન અંગે જાગૃતિ કેળવવાનો છે.

ચૂંટણી અને મતદાનના મહત્તા અંગેની રસપ્રદ માહિતી અને તસવીરોનું આ પ્રદર્શન સવારે ૧૦.૩૦ થી સાંજના ૬.૩૦ વાગ્યા દરમ્યાન તા. ૨૯ માર્ચ સુધી ખુલ્લુ રહેશે. આગામી દિવસોમાં આ પ્રકારના પ્રદર્શન વસ્ત્રાલ અને ગાંધીનગર ખાતે પણ યોજવામાં આવનાર છે.

## મ્યાનમારમાં સંશોધન માટે રિલાયન્સની પસંદગી થઈ

અમદાવાદ, તા.૨૭

મ્યાનમાર સંઘપ્રજાસત્તાકના ઉર્જા મંત્રાલય દ્વારા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડની બે અપતટીય બ્લોક્સ (એમ ૧૭ અને એમ ૧૮) માટે મ્યાનમાર ઓફશોર બ્લોક બિડીંગ રાઉન્ડ ૨૦૧૩માં પસંદગી કરવામાં આવી હતી. આ બંને બ્લોક્સ મ્યાનમારના મોટ્ટમ્મા બેજીન ખાતે આવેલા છે અને તે ૩૦૦૦ ફીટ ઉંડા પાણીમાં છે. બન્ને બ્લોક્સ કુલ ૨૭,૬૦૦ ચોરસ કિમીને આવરી લે છે. મ્યાનમાર સરકાર દ્વારા છીછરા પાણીના ક્ષેત્રમાં સંશોધન માટે ૧૦ અને ઉંડા પાણીના ક્ષેત્રમાં સંશોધન માટે ૨૦ બ્લોક્સ હરાજી માટે મુકવામાં આવ્યા હતા. આ ૨૦૧૩ અપતટીય બ્લોક્સ બિડીંગ રાઉન્ડ વિશ્વના ઈ એન્ડ પી ક્ષેત્રના ઉદ્યોગો સામેલ થયા હતા. કુલ ૩૪ કંપનીઓદ્વારા ૩૦ અપતટીય બ્લોક્સ સામે ૬૪ દરખાસ્તો રજુ કરવામાં આવી હતી.

### પાલનપુરના તિરૂપતિ ટાઉનશીપ ભાગ-૧માં

# સર્વ રોગના રામબાણ ઈલાજ રૂપે લોહચુંબક ચિકિત્સા સારવાર શિબિર

### સાત દિવસીય શિબિરનો લાભ લેવા સ્થાનિક રહીશો

પાલનપુર, તા.૨૭

આજે જયારે હઠીલા રોગો સહીત જન આરોગ્ય ખોરવાઈ રહ્યું છે ત્યારે એલોપેથી અને આર્યુવેદીક કે હોમીયોપેથીક દવાઓથી પણ

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

લોકો વાજ આવી ગયા છે ત્યારે પાલનપુર ખાતે ચુંબકીય ચિકિત્સા સારવાર માટે લોકો આર્શીવાદ રૂપ પુરવાર થઈ રહી છે. શહેરના ડીસા હાઈવે પર તિરૂપતિ ટાઉનશીપ ભાગ-૧માં સાત દિવસીય નિઃશુલ્ક લોહ ચુંબક ચિકિત્સા શિબિરનો મોટી સંખ્યામાં લોકો લાભ લઈ સારવાર મેળવી રહ્યા છે.

પાલનપુરની તિરૂપતિ ટાઉનશીપ ભાગ-૧ના ઉત્સાહી પ્રમુખ અને એસ.ટી.ના નિવૃત્ત કર્મચારી મનુપ્રસાદ કે. જોશીએ સોસાયટીઓની સેવાર્થે સોસાયટીના નાગેશ્વર મંદિર ખાતે એક શિબિરનું આયોજન કર્યું છે. ૨૪ થી ૩૦મી માર્ચ સુધી ચાલનારી આ શિબિરમાં સવારે ૧૦ થી ૨ અને બપોરે ૪ થી ૭ વાગ્યા સુધી મહારાષ્ટ્રના ડૉ. એસ.રામટેકે મેગ્નેટીક ચિકિત્સા આપી રહ્યા છે. માનવ શરીર પંચધાતુનું બનેલું છે. ધરતી, પાણી, પવન, પ્રકાશ અને આકાશ બધા નિસર્ગ છે. તેથી ચુંબકીય ચિકિત્સા પણ કુદરતી ઉપચાર છે. ચુંબકમાં દિવ્યોષધી જેવા ગુણો રહેલા છે. માત્ર ચુંબકનું પાણી અને ચુંબકના સ્પર્શ દ્વારા કેટલાય રોગોનો ઉપચાર થાય છે.

આ ખુબ જ નજીવા ખર્ચે આડ અસર વિનાની દરેક રોગના રામબાણ ઈલાજ તરીકે જાણીતી લોહ ચુંબકીય પ્રાકૃતિક ચિકિત્સા શિબિર સ્થાનિક રહીશોને ઘર આંગણે સારવાર પુરી પાડી રહી છે.

## શબ્દાવલી - ૫૩૫૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ |
| ૬ | | ■ | ૭ | | | | |
| ૮ | | | ■ | ■ | | ■ | |
| ૯ | | ■ | ૧૦ | | | ૧૧ | |
| ૧૨ | | ૧૩ | | ■ | ■ | | ■ |
| ■ | ■ | | ■ | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | ૧૭ | | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | | | | | | ■ | |

### આડી ચાવી

૧. અન્યાયી, કોઇના પક્ષમાં રહી તરફેણવાળુ વલણ (૪)
૬. સુંદર સ્ત્રી (૨)
૭. હાથમાં ચક્ર ધારણ કરનાર વિષ્ણુ (૫)
૮. દાઇ, દાયણ (૩)
૯. ઓજાર, રાચ-રચીલું (૨)
૧૦. યંત્રથી ઝપાટાભેર ગોળીઓ વરસાવતી ખાસ બંદૂક (૫)
૧૨. રીઝવવું, મનાવવું (૪)
૧૪. જીવ અને માલમત્તા (૪)
૧૬. પ્રથમ માનવ (૩)
૧૮. ચાલવું તે, લટાર, ... કરવું (૨)
૧૯. દોરાધાગા - મેલીવિદ્યા(૬)

### ઊભી ચાવી

૧. વિષ્ણુનો છઠ્ઠો અવતાર, એ નામના ઋષિ (૫)
૨. ભૂલની માફી માગવી (૫)
૩. બાણ, સર (૨)
૪. પધારવું તે, આવવું (૪)
૫. અવાજ, બોલ (૨)
૧૦. ઉણપ, ખોટ (૨)
૧૧. ગરમી, ઉષ્ણતા (૪)
૧૩. મથવું તે, ગડમથડ (૪)
૧૪. જુલ્મી, નિર્દયી (૩)
૧૫. કાચની ગોટી (૩)
૧૬. માલિક (૨)
૧૭. જીવ, આત્મા (૨)

### શબ્દાવલી ૫૩૪૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) અવતાર (૪) પાપ (૬) કાજલ (૭) ફરસાણ (૯) વાણ (૧૦) તાજ (૧૧) વળી (૧૨) સરવાણી (૧૫) બીજવર (૧૭) એબ (૧૮) ડીમલાઇટ (૨૧) યુરીયા (૨૨) ખટમલ

**ઊભી ચાવી :-** (૧) અજવાળી (૨) વલણ (૩) રફતાર (૪) પાસા (૫) પણછ (૮) રજવાડી (૧૧) પરબીડીયું (૧૩) કાવડીયા (૧૪) ગ્લોબ (૧૬) રમ (૧૭) એટમ (૧૯) લાક (૨૦) ઇંટ

## અમદાવાદ શહેરમાં અપમૃત્યુના વધુ બે બનાવો નોંધાયા

અમદાવાદ, તા.૨૭

શહેરમાં વાહન અકસ્માત સહિતના અપમૃત્યુના બનાવો માધવપુરા અને ઓઢવ પોલીસ દફતરે નોંધાયા છે. શાહપુર દરવાજા બહાર આવેલા શક્તિનગર સામેની અમથાજીની ચાલીમાં રહેતા ૫૮ વર્ષીય મહેશભાઈ કનૈયાલાલ કુશ્વા ગત સાંજના સમયે મારૂતિનંદન ઈલેકટ્રોનિક્સ શોરૂમની સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન એક અજાણ્યા ઓટોરીક્ષાના ચાલકે રીક્ષા બેદરકારીથી ચલાવી મહેશભાઈને અડફેટે લીધા હતા. અકસ્માતના પગલે મહેશભાઈને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હોસ્પિટલમાં ફરજ પરના ડોકટરોએ મહેશભાઈને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માતની ફરીયાદ મહેશભાઈની પત્ની શ્યામાબેનએ માધવપુરા પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. બીજી તરફ શહેરના ઓઢવ વિસ્તારના શેડ નંબર-૨૬૬માં રહેતા ૧૮ વર્ષીય શાહેબા ગોવિંદભાઈ મથુરા (યાદવ) ૨૫મી માર્ચના બપોરના સમયે પોતાના ઘરે પ્રાયમસ ઉપર રસોઈ બનાવી રહ્યા હતા ત્યારે અચાનક પ્રાયમસમાં ભડકો થતાં તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા, ત્યારબાદ તેમને સારવાર અર્થે શારદાબેન હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં ગત સવારે સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. આ મામલાની ફરીયાદ ઓઢવ પોલીસે કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ૭ વર્ષની સખત કેદ

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

વસંતભાઈ રાઠોડના મકાનમાં રૂમમાં સાથે રહેતા હતા. તા. ૧૫ ઓગષ્ટ વર્ષ ૨૦૧૨ના રોજ આરોપી આબીદે રૂમ પાર્ટનર મનોજ પાસે રૂ. ૩૫૦૦ ઉછીના માંગ્યા હતા. આ વેળાએ મનોજે પૈસા ઉછીના આપવાની ના પાડતા આરોપીએ તેની સાથે ઉગ્ર બોલાચાલી કરી ઉશ્કેરાટમાં આવીને લોખંડના ડમબેલ્સ અને કાતર વડે હુમલો કર્યો હતો. મનોજને શરીરના તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.

આ દરમિયાન સગીર વયનો રાહુલ રામસિંહ યાદવ વચ્ચે પડીને છોડાવવા જતા આરોપી આબીદે રાહુલને પણ પીઠના તેમજ માથાના ભાગે કાતર મારી ઈજા પહોંચાડી હતી. જીવલેણ હુમલામાં મનોજનું કરૂણ મોત નિપજયું હતું. જયારે આરોપી હુમલા બાદ સ્થળ પરથી નાસી ગયો હતો. આ કેસ ગાંધીનગરની ડીસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનીલ પંડયાએ કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે મરણ જનાર મનોજની ઉંમર નાની હતી જયારે સગીર રાહુલને પણ આરોપી ઈસમે ઈજાઓ પહોંચાડી હતી. આરોપીએ કોઈ પણ કારણ વગર માત્ર પૈસા ઉછીના ન આપતા નિર્દોષ વ્યકિતઓને ગંભીર ઈજાઓ પહોંચાડી યુવાનની હત્યા કરી હતી. સમાજમાં આવા ગુન્હા અટકાવવા આરોપીને કડક સજા થવી જોઈએ સરકારી વકીલની દલીલો ઉપરાંત ફરીયાદી મનુભાઈ દરજી, ડોકટર તપાસ કરનાર અમલદારની જુબાની તેમજ બનાવને નજરે જોનારા રાહુલની જુબાનીને ધ્યાને લઈ ડીસ્ટ્રીકટ જજ જી.કે. ઉપાધ્યાયે આરોપીને ૭ વર્ષની સખત કોર્ટની સજા તેમજ રૂ. ૧૦ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

# આદિવાસી વિસ્તારોમાં દસ હજાર શિક્ષકોની જગ્યા ખાલી

અમદાવાદ, તા.૨૭

છોટાઉદેપુર લોકસભા બેઠકના કોંગ્રેસપક્ષના ઉમેદવાર નારણભાઈ રાઠવાના સમર્થનમાં યોજાયેલ જાહેરસભાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસપક્ષના ચૂંટણી ઢંઢેરામાં ગરીબ અને સામાન્ય વર્ગના લોકો ઘરનું ઘર મળે તે માટે રાઈટ ટુ હાઉસીંગનો સમાવેશ કરવા બદલ રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીનો ગુજરાત કોંગ્રેસ આભાર માને છે.

ગુજરાતમાં વિધાનસભા ૨૦૧૨માં ગુજરાત કોંગ્રેસ દ્વારા ૧૨ મુદ્દાના કાર્યક્રમમાં ઘરનું ઘર યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેનો સમગ્ર ગુજરાતમાં ૪૦,૦૦,૦૦૦ કરતા વધુ બહેનોએ સમર્થન આપ્યું હતું. ભાજપની આદિવાસી વિરોધી માનસિકતાની આકરી ઝાટકણી કાઢતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી લાંબા સમયથી આદિવાસી કાઉન્સીલની બેઠક ન બોલાવીને આદીવાસી સમાજના અટવાયેલા પ્રશ્નોને ટલ્લે ચડાવી રહ્યા છે. ભાજપના જુઠ્ઠાણાનો ભોગ ગુજરાતના આદિવાસી ભાઈ-બહેનો બન્યા છે.

ભાજપના છેલ્લા ૧૭ વર્ષના શાસનમાં આદિવાસી સમાજને ભારોભાર અન્યાય થયો છે. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી આદિવાસી સમાજના ભાઈ-બહેનોને કેન્દ્રના જંગલના જમીન અધિકારના લાભોથી વંચિત રાખીને આદિવાસી સમાજના હક્ક છીનવ્યા છે કેન્દ્રની કોંગ્રેસ સરકાર આદીવાસી ભાઈ-બહેનોના હક્કો અને અધિકારો છીનવે છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ લોકસભાની ચૂંટણીમાં છોટા ઉદેપુર બેઠકના કોંગ્રેસપક્ષના ઉમેદવાર નારણભાઈ રાઠવાને જીતાડવાની અપીલ કરતા જણાવ્યું હતું કે, નારણભાઈ રાઠવા ૨૦૦૪માં આપના સાંસદ થવાથી કોંગ્રેસપક્ષ દ્વારા તેમને સરકારમાં રેલવે મંત્રી જેવું મહત્વનું પદ આપવામાં આવ્યું હતું. કોંગ્રેસપક્ષે હંમેશા આદિવાસ ભાઈ-બહેનોના હિતો અને અધિકારો માટે લડત આપી છે. ગુજરાતના પ્રથમ વખત આદિવાસી મુખ્યમંત્રી તરીકે સ્વ. અમરસિંહ ચૌધરીને નેતૃત્વ પણ કોંગ્રેસપક્ષે સોંપ્યું હતું. આદિવાસી ભાઈ-બહેનોને શિક્ષણ, આરોગ્ય, સહિતની સુવિધા કોંગ્રેસના શાસનમાં હંમેશા અગ્રતા ક્રમે રહેતી હતી. આદિવાસી વિસ્તારમાં ભાજપ શાસનમાં શિક્ષણ પડી ભાગ્યું છે. ૧૦,૦૦૦ કરતા વધુ શિક્ષકોની જગ્યા આદિવાસી વિસ્તારોની શાળામાં લાંબા સમયથી ખાલી છે. ૮૦ ટકા કરતા વધુ ડોક્ટરોની જગ્યા ખાલી છે.

## કોપી સાથે રાખવા સૂચના

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

ડાઉનલોડ કરવામાં વિદ્યાર્થીઓને કોઈ સમસ્યા નડતી હોય તો વિદ્યાર્થીઓ સવારે ૧૦:૦૦ થી સાજના ૫:૩૦ કલાક દરમ્યાન સીબીએસઈની હેલ્પલાઈન પર ફોન કરીને માહિતી મેળવી શકશે. નવા કાઈટેરીયા મુજબ ધોરણ-૧૨ નું પાસ કરી ચુકેલ વિદ્યાર્થીઓ જો ૨૦૧૪માં બારમાં ધોરણની પરીક્ષા આપી નથી તો તેમના માટે અગાઉની ધોરણ-૧૨ની ફાઈનલ માર્કશીટ પરીક્ષા સ્થળે ફરજિયાત લાવવાની રહેશે જ્યારે જે વિદ્યાર્થીઓએ ગત વર્ષે ધોરણ-૧૨ની પરીક્ષા આપી હતી પરંતુ તમામ વિષયોમાં પાસ થઈ શક્યા નથી તેવા વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૪ની ધોરણ-૧૨ની પરીક્ષાની હોલ ટિકિટની કોપી પરીક્ષા સ્થળે લાવવાની રહેશે, જ્યારે જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૪માં પહેલીવાર ધોરણ-૧૨ની પરીક્ષા આપી છે, તેવા વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ના એડમિશન કાર્ડ અને ધોરણ-૧૨ની પરીક્ષાની હોલ ટિકિટ પરીક્ષા સ્થળે લાવવાની રહેશે. આ ઉપરાંત પરીક્ષા સ્થળે હોલ ટિકિટ ડોક્યુમેન્ટની કોપી સબમીટ કરતા પહેલા ડોક્યુમેન્ટની જમણી બાજુ પર જેઈઈ પરીક્ષાનો રોલ નંબર લખવાનો રહેશે ત્યારબાદ જ ડોક્યુમેન્ટને ઈનવિજીલેટરને સબમીટ કરાવવાના રહેશે.

## માસ્ટર માઈન્ડ... ● *અનુસંધાન પહેલાનું ચાલુ*

૨૫૦૦૦ના પુરસ્કારની રકમ જાહેર કરવામાં આવી છે.

જય સુારે કલોલની સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરૂકુળમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યુ હતુ તેમજ ઉચ્ચ શિક્ષણ વાવોલની દેવ ઈન્ટરનેશનલ સ્કૂલમાંથી પ્રાપ્ત કર્યો હતો. કલોલના મધ્યમ વર્ગીય પરિવારમાં જન્મેલ જય પરેશભાઈ સુથાર ખૂબ ઊંચા સ્વપ્નો સેવતો અને સફળતા મેળવવા સંપૂર્ણ સજજ ઉમદા વિદ્યાર્થી છે. જય સુથારને કોલેજ પરિવાર વતી તેમની સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવી સન્માન કર્યુ હતુ.